# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોનઃ ૦૭૯-૨૬૫૭૮૨૧૨, ૧૩ ફેકસઃ ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www. gujaratcongress.org E – mail : gpcc1234@gmail.com

===

અખબારી યાદી તા.૧૧-૧-૨૦૨૨

## ભાજપની માનીતી વિદેશી કંપની

- આર્સેલર મીત્તલ-નિપોન સ્ટીલ (AMNS)નું હજીરાની ૮ લાખ ૬૫ હજાર ચો. મી. જંગલની જમીન ઉપરનું લેન્ડ ગ્રેબીંગ રાતોરાત, નિયમિત કરીને રૂ.૪૯૬૮ કરોડ રૂપિયાનો લાભ કરી આપ્યો.
- ૩૮.૭૧ હેકટર જમીન પાવર પ્લાન્ટ માટે તથા ૨૭.૦૨ હેકટર જમીન રો-મટીરીયલ્સ હેન્ડલીંગ માટે આપવા ૨૦૧૪-૧૫માં શરતોની સૈધ્ધાંતિક મંજુરી આપી. AMNSએ એક પણ શરતોનું પરિપાલન ના કર્યું. પરંતુ આ જમીન ઉપર લાખો ટન પ્રદૂષિત ઝેરી સ્લેગ ખડકી દીધો. ૨૦૨૦માં સૈધ્ધાંતિક મંજુરીની મુદત પણ પુરી થઈ ગઈ.
- દબાણ સંદર્ભે ફેબ્રુઆરી-૨૦૧૫માં જાગૃત નાગરીકની જાહેર હિતની અરજી સંદર્ભે નોટીસ મળતાં AMNSએ રાતોરાત વળતર વનીકરણની જમીન તથા બાંહેધરીઓ આપી.
- જંગલની જમીન ઉપરના સૌથી મોટા લેન્ડ ગ્રેબર હોવા છતાં **AMNS**ના ચેરમેન લક્ષ્મી મિત્તલને પ્રધાનમંત્રીશ્રીએ તમામ પ્રોટોકોલ નેવે મુકીને ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૧એ અમદાવાદ એરપોર્ટ ખાતે મુલાકાત આપી

## હાઈકોર્ટે આપેલી નોટીસ છુપાવીને

- ગુજરાત સરકારના વન અને પર્યાવરણના અધિક મુખ્ય સચિવશ્રીએ તા.૫મી માર્ચ ૨૦૨૧ના સાંજે ૫.૪૫ કલાકે ફાઈલ રજુ કરવાની સુચના આપી. વિભાગીય અધિકારીઓના વિરોધને અવગણીને રાતના બાર વાગ્યા પહેલાં ૬૫.૭૩ હેકટર જમીન **AMNS**ને તબદીલ કરી દેવા કેન્દ્રને ભલામણ કરી દીધી. ભારત સરકારના પર્યાવરણ વિભાગે જેટ ઝડપે ૧૬મી માર્ચે જમીન તબદીલ કરવાની મંજુરી આપી.
- PIL કરનાર જાગૃત નાગરીકે ભારત સરકારના વન પર્યાવરણ વિભાગનું હાઈકોર્ટની નોટીસ અને જમીન ઉપરના દબાણ બાબતે ધ્યાન દોરતાં કેન્દ્ર સરકારે ગુજરાત સરકારનો ખુલાસો પુછયો, ગુજરાત સરકારે વન વિભાગના ત્રીજા વર્ગના અધિકારોની બદલી સહિતની "સજાઓ" કરી. પરંતુ AMNSને પૂનઃ જમીન તબદીલ કરવાની ભલામણ કરી દીધી. ભારત સરકારે આ ભલામણ ગ્રાહ્ય રાખી.
- ગુજરાત સરકારે અગાઉ **AMNS**એ કોલોની બાંધીને કરેલું ૨૦.૭૬ હેકટર જમીનનું દબાણ નિયમિત કરવા જમીનની બજાર કિંમતના અઢી ગણા, જંગલના નુકશાની પેટે નેટ પ્રેઝન્ટ વેલ્યુના અઢીગણી કિંમત લેખે તથા વળતર વનીકરણ માટે પાંચ ગણી જમીનની શરતે સૈધ્ધાંતિક મંજુરી આપી હતી.
- પરંતુ વર્તમાન ૬૫.૭૨ હેકટર જમીન માટે બજાર કિંમત ચુકવવાની બાબત ઉડાડી દઈને **AMNS**ને રૂ.૪૯૬૮ કરોડનો ફાયદો કરાવી આપ્યો. લેન્ડ ગ્રેબીંગ કાનુન હેઠળ કાર્યવાહી જતી કરી તથા સ્લેગ ડમ્પ કરવાને કારણે થયેલી પર્યાવરણીય નુકશાનીની વસુલાત જતી કરી દીધી.

## ભાજપ સરકારની માનીતી

- AMNS કંપનીને ૩૮.૭૧ હેકટર જમીન પાવર પ્લાન્ટ માટે તથા ૨૭.૦૨ હેકટર જમીન રોમટીરીયલ પ્લાન્ટ માટે ૨૦૧૪-૧૫માં આપવા સૈધ્ધાંતિક મંજુરી હતી. છતાં પ્લાન્ટને બદલે ઝેરી સ્લેગનો હજારો ટનનો ડુંગર ખડકી દીધો છે.
- ૨૦૧૯માં સૈધ્ધાંતિક મંજુરી પૂર્ણ થઈ હોવા છતાં દિલ્હીના ઈશારે AMNSને (૩૮.૭૧+૨૭.૦૨)૬૫.૭૨ હેકટર જમીન આપવા સાંજે ૫.૪૫ વાગ્યે ફાઈલ રજુ થઈ અને રાતના બાર વાગ્યા પહેલાં ભારત સરકારને ભલામણ પહોંચાડી દેવાય.

- ગુજરાત સરકારને જમીન સંબંધે હાઈકોર્ટની નોટીસ મળી હોવા છતાં અને જમીન ઉપર પ્રદૂષિત સ્લેગનું દબાણ હોવા છતાં વન અને પર્યાવરણ વિભાગે જુઠ્ઠો રીપોર્ટ ભારત સરકારને મોકલ્યો.
- જુઠ્ઠો રીપોર્ટ મોકલનાર અધિકારી કે ઉચ્ચ સત્તાધિશો સામે કોઈ પગલાં નહીં. જમીન દબાણ કરનાર AMNS સામે પણ કોઈ પગલાં નહીં.
- તમામ ધોરણોને નેવે મુકીને AMNSએ દબાણ કરેલ જમીનની માર્કેટ વેલ્યુના અઢી ગણી કિંમત લેવાની જોગવાઈ ઉડાડી દઈને AMNSને રૂ.૪૯૬૮ કરોડનો ફાયદો કરાવી આપ્યો.
- AMNSની સામે લેન્ડ ગ્રેબીંગ, પર્યાવરણની નુકશાનીનું વળતર અને કોલોની માટે દબાણ કરેલ જમીનની સામે વળતર વનીકરણની જમીન મેળવવાની કોઈ કાર્યવાહી નહીં.
- **AMNS** પાસેથી જમીન ૬૫.૭૨ હેકટર નિયમિત કરવાના રૂ.૪૯૬૮ કરોડ વસુલ કરવા, લેન્ડ ગ્રેબીંગ કાનુન લગાવવા, પર્યાવરણની નુકશાની વસુલ કરવા અને જવાબદારો સામે તપાસ કરવા હાઈકોર્ટના સીટીંગ જજનું તપાસ પંચ નીમો - અર્જુન મોઢવાડિયા
- આદિવાસી કે માલધારી પશુ ચારવા જાય તો જેલમાં ધકેલનારી અને બે-પાંચ ગુંઠા જમીન ખેડનારા આદિવાસીઓને કનડનારી સરકારે સરકારની માનીતી AMNS કંપનીને ૮ લાખ ૬૫ હજાર ચો.મી.નું દબાણ નિયમિત કરી દીધું અને નિયમ વિરૂધ્ધ રૂ.૪૯૬૮ કરોડ નહીં વસુલીને ફાયદો કરી દીધો - અર્જુન મોઢવાડિયા.
- અગાઉ રેવન્યુની ૨૪ લાખ ૨૭ હજાર ચો.મી. જમીનનું દબાણ નિયમિત કરીને રૂ.૯૮૭૧.૭૪ કરોડ તથા જંગલની ૮ લાખ ૬૫ હજાર ચો.મી. જમીનનું દબાણ નિયમિત કરીને રૂ.૪૯૬૮ કરોડના ફાયદા સાથે કુલ રૂ.૧૪૮૩૯ કરોડનો ફાયદો કલમના એક ઝાટકે કરાવી આપ્યો.

ભારતીય જનતા પાર્ટીની માનીતી વિદેશી સ્ટીલ કંપની આર્સેલર મિત્તલ-નિપોન સ્ટીલ-AMNS હજીરા, સુરતની ૮ લાખ ૬૫ હજાર ચો.મી.(૮૬.૪૯ હે) જંગલ જમીન ઉપર લેન્ડ ગ્રેબીંગ કરીને સ્ટીલ પ્લાંટના ઝેરી સ્લેગ ડમ્પ ઉભો કરવાના ગુનાને માફ કરીને તથા સદરહુ જમીનની કિંમત પેટે રૂ.૩૮.૦૨ કરોડ જેટલી નજીવી રકમ વસુલ કરીને આ જમીન AMNSને પધરાવીને કંપનીને રૂ.૪૯૬૮ કરોડનો લાભ કરાવી આપવાનો તથા અન્ય અરજદારોની વર્ષો જુની માંગણી ફગાવીને તથા હાઈકોર્ટમાં પડેલી જાહેર હિતની અરજીની અવગણના કરીને ૧૫ લાખ ૮૦ હજાર ચો.મી. (૧૫૮ હે.) વધારાની જમીન પાણીના ભાવે AMNSને ગેરકાનુની રીતે આપી દેવાની ગતિ વીધી દિલ્હીના ઈશારે જેટ ઝડપથી આગળ વધી રહી છે તેવું દસ્તાવેજી પુરાવાઓ રજુ કરીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિન પુર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું.

આજે પત્રકાર પરિષદને સંબોધન કરતાં શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જંગલની જમીન ઉપરનું દબાણ નિયમિત કરીને AMNSને પધરાવી દેવાનું રાજ્યના સૌથી મોટા જંગલ જમીન કૌભાંડના પુરાવાઓ આપતાં જણાવ્યું હતું કે ભાજપની માનીતી વિદેશી AMNS કંપનીએ અગાઉ ૩૦૦ મે.વો. પાવર પ્લાન્ટ માટે ૩૮.૭૧ હે., ૨૭.૦૨ હે. રો-મટીરીયલ્સ હેન્ડલીંગ પ્લાન્ટ માટે તથા સ્ટાફ કોલોની માટે ૨૦.૭૬ હે. હજીરા ખાતેની જંગલની જમીનની માંગણી કરી હતી. વન અને પર્યાવરણ વિભાગે વળતર વનીકરણ માટે ૩ ગણી જમીન અન્યત્ર આપવા સહિતની અનેક શરતોને આધીન સદરહુ જંગલની જમીન AMNS (જેનું અગાઉનું નામ એસ્સાર સ્ટીલ હતું)ને આપવાની સૈધ્ધાંતિક મંજુરી આપી હતી. AMNSએ એક પણ શરતનું પરિપાલન ના કરતાં આ જમીન AMNSને સોંપાય નહોતી.

આ પૈકી ૨૦.૭૬ હે. જમીન ઉપર દબાણ કરીને AMNSની સ્ટાફ કોલોની બંધાઈ જતાં નામદાર હાઈકોર્ટમાં જાહેર હિતની અરજીના સંદર્ભે રાજ્ય સરકારે આ દબાણવાળી જ<u>મીનના બજાર ભાવના અઢી ગણી કિંમત લાયન કન્ઝર્વેશન સોસાયટીમાં જમા લેવા તથા વળતર વનીકરણ પેટે પાંચ ગણી જમીન AMNS વન વિભાગને સોંપે</u> તે શરતે સદરહુ જમીન AMNSને સોંપવાની સૈધ્ધાંતિક મંજુરી આપી. હાલ આ પ્રકરણ સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે. પરંતુ રાજ્ય સરકારે એડહોક બજાર કિંમત માત્ર રૂ.૩૩૫ પ્રતિ ચો.મી. ગણીને માત્ર રૂ.૨૩.૨૫ કરોડ વસુલ્યા હતા. જ્યારે વળતર વનીકરણ માટે જરૂરી ૧૦૩.૮૦ હે. જમીન હજુ સુધી AMNSએ વન વિભાગને સોંપી નથી. આ ડીલની પણ તપાસ

કરવામાં આવે તો AMNS એ વધારાના રૂ.૧૦૦ કરોડ કરતાં વધારાની રકમ ભરવાની રહેશે.

એપ્રિલ-૨૦૧૪માં ૩૦૦ મે.વોટના પાવર પ્લાન્ટ ઉભો કરવા માટે વન વિભાગની ૩૮.૭૧ હે. જંગલની જમીન તથા જુલાઈ-૨૦૧૫માં રો-મટીરીયલ હેન્ડલીંગ પ્લાન્ટ ઉભો કરવા માટે ૨૭.૦૨ હે. જંગલની જમીન, આ જમીનો કરતાં ત્રણ ગણી જમીન વન વિભાગને AMNS સોંપે તે શરતે વન વિભાગે પોતાના આ બંને લેન્ડ પાર્સલ AMNSને તબદીલ કરવા તેવી સૈધ્ધાંતિક મંજુરી કેન્દ્ર સરકારે આપી હતી. પરંતુ ત્યારબાદ AMNSએ એક પણ શરતોનું પરિપાલન ના કર્યું અને વન વિભાગે સદરહુ બંને જમીનના પ્લાન્ટ AMNSને તબદીલ ના કર્યા.

પરંતુ AMNSને જાણે જમીનો ઉપર દબાણો કરવાનો પીળો પરવાનો હોય તે રીતે આ બંને કેસોની કુલ (૩૮.૭૧+૨૭.૦૨ હે.) ૮૬.૪૯ હે. જમીન ઉપર સ્ટીલ પ્લાન્ટનો ઝેરી કચરો-સ્લેગનો લાખો ટનનો ડમ્પ આ જમીન ઉપર પાથરીને કચરાનો ડુંગર ઉભો કરી દીધો. આ ઝેરી કચરા-સ્લેગને કારણે તાપી નદીના મુખ સહિતનાં ભુગર્ભ પાણી પણ ખરાબ થયાં અને આજુબાજુની જીવસૃષ્ટિને પણ ભારે નુકશાન કર્યું અને આજે પણ કચરો-સ્લેગ ઠાલવવાનું ચાલુ છે. છતાં કોઈ પગલાં લેવાયાં નહીં. દરમ્યાનમાં આ સૈધ્ધાંતિક મંજુરીની પાંચ વર્ષની સમય-મર્યાદા પણ ૨૦૨૦માં પૂર્ણ થતાં સૈધ્ધાંતિક મંજુરી રદ-બાતલ થઈ ગઈ હતી.

દરમ્યાનમાં એક જાગૃત નાગરીકે AMNSની દબાણવાળી જગ્યાઓ સહિતની બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરતાં નામદાર હાઈકોર્ટે તા.૨૨-૨-૨૦૨૧ના રોજ AMNS અને રાજ્ય સરકાર સહિત તમામને નોટીસ આપીને જવાબો રજુ કરવા કહ્યું. આ નોટીસ મળતાં જ AMNSએ તા.૩-૩-૨૦૨૧ના રોજ કચ્છ જીલ્લામાં વળતર વનીકરણ માટેની જમીન વન વિભાગને સોંપી દીધી અને એ પછીના બે દિવસમાં જ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગે ૨૦૧૪ અને ૨૦૧૫માં અનુક્રમે ૩૮.૭૧ અન. ૨૭.૦૨ હે. જમીન સોંપવા મુકાયેલી શરતોનું પરીપાલન થઈ ગયું છે તેવો રીપોર્ટ ભારત સરકારના વન વિભાગને સોંપી દીધો. સદરહુ જમીન ઉપર સુચીત ૩૦૦ મે.વો. પાવર પ્લાન્ટ અને રો-મટીરીયલ્સ હેન્ડલીંગ પ્લાન્ટ ઉભો જ નથી થયો અને તેની જગ્યાએ પ્રદૂષિત કચરાના ડુંગરાઓ ઉભા થઈ ગયા છે તે હકીકત ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગે હાઈકોર્ટ અને ભારત સરકારથી છુપાવીને જુઠ્ઠો રીપોર્ટ કરી દીધો. આ રીપોર્ટની જાણકારી મળતા હાઈકોર્ટમાં PIL કરનાર જાગૃત નાગરીકે ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયને પત્ર લખીને સદરહુ બંને જમીનો ઉપર સ્ટીલ પ્લાન્ટના ઝેરી કચરાના ડુંગરાઓ ખડકીને દબાણ કર્યું હોવાની બાબત છુપાવીને જુઠ્ઠો રીપોર્ટ કરીને ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ પાસેથી AMNSના મિલાપીપણામાં ભારત સરકાર પાસેથી મંજુરી મેળવી હોવાનો પર્દાફાશ કરતાં ભારત સરકારે ગુજરાત સરકારનો ખુલાસો માંગ્યો.

આ ખુલાસો માંગવાની ઘટના પછી પણ AMNSને જવાબદાર ઉચ્ચ અધિકારીઓ ઉપર કોઈ કાર્યવાહી કરવાને બદલે ગુજરાત સરકારના વન વિભાગના ત્રીજા વર્ગના બે-પાંચ અધિકારીઓની સામે નામ પુરતા પગલાં લઈને ફરીથી AMNSને અપાયેલો 'લાભ' ચાલુ રાખવાની ભલામણ કરી દીધી. સમગ્ર ભારતના ઈતિહાસમાં ગુનેગાર સામે કોઈ પગલાં લેવાને બદલે ઈનામ આપવાની ઘટના બની હોય તો AMNSના કિસ્સામાં જ બની છે !

અહીં એ નોંધવું જરૂરી છે કે AMNSના ચેરમેન શ્રી લક્ષ્મી મિત્તલને વડાપ્રધાનશ્રીએ તમામ પ્રોટોકોલને નેવે મુકીને તેઓની ગુજરાત મુલાકાતના અંતે તા. ૬ઠ્ઠી માર્ચ ૨૦૨૧ના રોજ અમદાવાદ એરપોર્ટની વીઆઈપી લોંજમાં મુલાકાત આપી હતી. પરંતુ ગુજરાતના શાસકોએ તો લક્ષ્મી મીત્તલ અને વડાપ્રધાનશ્રીને ખુશ કરવા મિત્તલની વડાપ્રધાનશ્રી સાથેની મુલાકાતના એક દિવસ પહેલાં જ શરતોના પરિપાલનનો અહેવાલ ભારત સરકારને મોકલી આપ્યો હતો.

૩૮.૭૧ હે. તથા ૨૭.૦૨ હે. જમીનની શરતના પરીપાલનનો અહેવાલ AMNSએ રાજ્ય સરકારને સોંપ્યો તે દિવસે જ <u>વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવશ્રીને તા.૫મી માર્ચ ૨૦૨૧ના સાંજે ઓફિસ બંધ થવાના સમયે ૫.૪૫ વાગ્યે ફાઈલ રજુ કરવાની સુચના આપી. વિભાગીય અધિકારીઓના વિરોધ વચ્ચે વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીએ દિલ્હીની સુચનાથી મધરાત</u>

પહેલાં જ શરતોના પરીપાલનનો અહેવાલ ભલામણ સાથે ભારત સરકારને ઈ-મેઈલથી મોકલી આપ્યો. ગરીબોની ફાઈલ વર્ષો સુધી પડતર રહે છે પરંતુ ભાજપ સરકાર AMNS જેવા ઉદ્યોગગૃહો માટે મધરાત સુધી જાગે છે. ભારતનું વન અને પર્યાવરણ મંત્રાલય પણ શરતોના પરિપાલનના અહેવાલની રાહ જોઈને બેઠું હોય તે રીતે તા.૧૬મી માર્ચ ૨૦૨૧ના ૩૮.૭૧ હેકટર જમીન AMNSને સોંપી દેવાની મંજુરી આપી દીધી.

ગુજરાત સરકારના વન વિભાગે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેરહિતની અરજી અને તેના ઉપર હાઈકોર્ટે કરેલાં અવલોકનો તો છુપાવ્યાં એટલું જ નહીં અગાઉ હાઉસીંગ કોલોની ઉભી કરીને ૨૦.૭૬ હેકટર જંગલની જમીન ઉપર કરેલ દબાણના કિસ્સામાં માર્કેટ વેલ્યુંની અઢીગણી કિંમત વસુલ કરવાને બદલે માત્ર સદરહુ જમીન ઉપર જંગલને થયેલ નુકશાન-નેટ પ્રેઝન્ટ વેલ્યુ (NPV)ના અઢી ગણાં નાણા વસુલ કરીને ભાગબટાઈ કરવાના ઈરાદાથી રાજ્ય સરકારની તિજોરીને રૂ.૪૯૬૮ કરોડનું નુકશાન પહોંચાડયું છે.

| ક્રમ | જંગલની જમીનનો વિસ્તાર | હાલની સ્થિતિ | પેનલ્ટી | |
|---|---|---|---|---|
| | | | ૨.૫ ગણી **NPV** (**NPV**=રૂ.૯ લાખ પ્રતિ હે.) | ૨.૫ ગણી માર્કેટ વેલ્યુ, માર્કેટ વેલ્યુ=રૂ.૧૬૫૨૦ પ્રતિ ચો.મી. |
| ૧ | ૩૮.૭૧ હે. ૩૦૦ મે.વો. પાવર પ્લાંટ | ડમ્પીંગ સ્લેગ | ૩૮.૭૧ X૯ લાખ રૂ.૮.૭ કરોડ | ૩૮.૭૧X૧૦૦૦૦Xરૂ.૧૬૫૨૦X૨.૫=રૂ.૧૫૯૮.૭૨કરોડ (૨૦૧૪ની મુલ્ય મુજબ) |
| ૨ | ૨૭.૦૨ હે. રો-મટીરીયલ્સ હેન્ડલીંગ | ડમ્પીંગ સ્લેગ | ૨૭.૦૨ X૯ લાખ રૂ.૬.૦૭ કરોડ | ૨૭.૦૨X૧૦૦૦૦X૧૬૫૨૦X૨.૫=રૂ.૧૧૧૫.૯૨ કરોડ (૨૦૧૪ની મુલ્ય મુજબ) |
| ૩ | ૨૦.૭૬ હે. આવાસ અને સંલગ્ન સુવિધાઓ | હોસ્ટેલ અને હાઉસ | | ૨.૫ ગણી બજાર કિંમત સિંહ સંરક્ષણ સોસાયટીમાં જમા કરાવવી, નોંધવામાં આવેલ બજાર કિંમત રૂ.૩૩૫ પ્રિત ચો.મી. ૨૦.૭૬X૧૦૦૦૦X૩૩૫X૨.૫=રૂ.૨૩.૨૫ કરોડ (પહેલેથી જ જમા) (૨૦૦૬ની ખોટી કિંમત મુજબ) |

૨૦૧૪ પછી વાર્ષિક ૧૨ ટકાનો ક્રમિક વધારો ગણવામાં આવે તો ૨૭૦૦X૧૨/૧૨૦૦X૭=રૂ.૨૨૬૮ કરોડ ૨૦૨૧માં વધારાના ચુકવવાના થાય. આમ ૨૦૨૧ના મુલ્યાંકન પ્રમાણે કુલ ૨૭૦૦+૨૨૬૮ કરોડનો ફાયદો રાજ્ય સરકારે આ બે લેન્ડ પાર્સલ (૩૮.૭૧+૨૭.૦૨ હે.)નો તબદીલ કરવામાં કરી આપ્યો.

આ ઉપરાંત AMNSએ પોતાના પ્લાન્ટના વિસ્તરણના બહાને વધારાની ૧૫ લાખ ૮૦ હેકટર ચો.મી. (૧૫૮ હેકટર) જંગલની જમીન આજ શરતોએ માંગણી કરી છે. AMNSની માંગણી પહેલાં જ અન્ય પાંચ એજન્સીઓએ પણ ઔદ્યોગિક હેતુઓ માટે આ AMNSની માંગણીવાળી જમીન પૈકી ૭૫ હેકટર જમીનની માંગણી કરેલી છે. જંગલની જમીન "વહેલો તે પહેલો"ને ધોરણે આપવાની જોગવાઈ હોવા છતાં અહીં પણ બીજા માગણીદારોને એક બાજુ હડસેલીને અહીં પણ જમીનના બજારભાવ લેવાને બદલે માત્ર નહીંવત 'નેટ પ્રેઝન્ટ વેલ્યુ' વસુલીને અબજો રૂપિયાનો ફાયદો AMNSને આપવાની કાર્યવાહી જેટ ઝડપે ચાલી રહી છે.

શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ AMNSએ દબાણ કરેલી ૮૬.૪૯ હેકટર જમીનના નિયમ મુજબ અઢી ગણી કિંમત વસુલ કરવા, પર્યાવરણીય નુકસાનની કિંમત નક્કી કરીને વસુલવા, લેન્ડ ગ્રેબીંગનો કેસ કરવા, વધારાની માંગણીવાળી ૧૫૮ હેકટર જમીનમાં પણ આજ ધોરણ અપનાવવા અને "વહેલો તે પહેલો"ના સિંધ્ધાંતને વળગી રહેવા અને સમગ્ર કૌભાંડને આકાર આપનાર ઉચ્ચ સત્તાધીશો સામે હાઈકોર્ટના સીટીંગ જજ માફરતે તપાસ કરાવવાની માંગણી કરી હતી.

(જયરાસિંહ પરમાર)
પ્રવકત્તા